ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૭ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૬ ટકા

# આજથી ગાંધીનગરમાં ઈ-મેમો શરૂ

## શહેરના તમામ સર્કલ અને પ્રવેશદ્વાર ઉપર મળીને ૪૦૦થી વધુ સીસીટીવી કેમેરા લાગ્યા : ટ્રાફિક અસરગ્રસ્ત ત્રણ લોકેશન પર ટ્રાફિક સિગ્નલ પર કાર્યરત કરાશે : ઈ-મેમો ઘરે બેઠા ઓનલાઈન પણ ભરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાઈ : ઈ મેમોની દંડની નહી ભરો તો લાયસન્સ પણ રદ કરી શકાશે

ગાંધીનગર, તા. ૧૯

શાંત કહેવાતા શહેર ગાંધીનગરમાં હવે અમદાવાદની જેમ સવારે અને સાંજે ઓફિસ વર્ષ દરમિયાન ભયંકર ટ્રાફિક જોવા મળી રહ્યો છે. ટ્રાફિક નિયમનના પાલન ના અભાવે ઘણા વાહનચાલકો અને રાહદારીઓ જીવ ગુમાવી રહ્યા છે. જેને પગલે ગાંધીનગરમાં કડકપણે ટ્રાફિક નિયમન કરાવવાના હેતુસર ઈ-મેમો સિસ્ટમ પુનઃ શરૂ કરવામાં આવી છે. આવતીકાલે મંગળવારથી શહેરમાં ઈ-મેમો શરૂ કરી દેવામાં આવશે. જેના માટે શહેરના તમામ સર્કલ અને પ્રવેશદ્વાર મળીને કુલ ૪૦૦ થી વધુ સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. તે ઉપરાંત કયા કયા વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતિ વધુ વકરે છે તેનો અભ્યાસ કરીને તેવા ત્રણ લોકેશન ઉપર ટ્રાફિક સિગ્નલ પણ ગોઠવી દઈને તેને કાર્યરત કરવામાં આવનાર છે. નોંધનીય બાબત છે કે ઈ મેમો નો દંડ વાહન ચાલક નહિ ભરે તો તેનુ લાઈસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. તો બીજી તરફ ઘરે બેઠા મેમો ભરી શકાય તે રીતે ઓનલાઈન પેમેન્ટ સુવિધા પણ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં અગાઉ પણ ટ્રાફિક નિયમનનો ભંગ કરનાર વાહનચાલકને સીસીટીવી કેમેરા મારફતે પકડીને તેમને ઈ-મેમો મોકલવામાં આવતા હતા પરંતુ સરકારે લીધેલા નિર્ણય બાદ આ કામગીરી છેલ્લા ઘણા સમયથી બંધ કરવામાં આવી હતી. આવતીકાલે મંગળવારથી ફરી ગાંધીનગરમાં ઈ-મેમો મોકલવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે તેમ જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાએ જણાવ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું છે કે શહેરમાં કોર્પોરેશનના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત અને પોલીસના સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મળીને કુલ ૪૦૦થી વધુ સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. હાઈ ડેફિનેશન ક્વોલિટી અને નાઈટ વિઝન વાળા આ સીસીટીવી કેમેરા પાટનગરના મોટાભાગના મુખ્ય માર્ગો અને સર્કલો તથા પ્રવેશદ્વારો પર ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. આવતીકાલથી ટ્રાફીક નિયમનનો ભંગ કરનાર તમામ વાહનચાલકોને ઈ મેમો મોકલવાની કામગીરી શરૂ કરવામાં આવશે. હેલ્મેટ, સીટ બેલ્ટ ન પહેરનાર વાહનચાલકો ઉપરાંત ચાલુ વાહને મોબાઈલ પર વાત કરનાર વાહન ચાલકોને પણ મેમો મોકલવામાં આવશે. તે ઉપરાંત રોંગ સાઈડમાં એન્ટ્રી કરતા વાહનો પર પણ નજર રાખીને તેમને પણ મેમો મોકલવામાં આવશે. ટ્રાફિકને અસરગ્રસ્ત શહેરના ત્રણ લોકેશનનો અભ્યાસ કરીને તે સર્કલ ઘ-૩, ચ-૩ અને ઘ-૦ સર્કલ ઉપર ટ્રાફિક સિગ્નલ પણ મુકવામાં આવ્યા છે. સિગ્નલનો ઉલ્લંઘન કરીને નીકળી જનાર(સ્ટોપ લાઈનનુ ઉલ્લંઘન કરનાર) વાહન ચાલકોને પણ મેમો મોકલીને દંડ ફટકારવામાં આવશે. ઘરે બેઠા ઓનલાઈન પેમેન્ટ કરી શકે તે માટે પોલીસ દ્વારા બેંકો સાથે ટાઈઅપ પણ કરી લેવામાં આવ્યુ છે. ત્રણથી વધુ ઈ મેમો ફાટશે તે વાહન ચાલકની એન્ટ્રી આરટીઓમાં પણ કરાવવામાં આવશે.





### ઈ-મેમોને લગતી કોઈપણ ફરિયાદ માટે નોડલ ઓફિસર નિમાયા

કોઈપણ વાહન ચાલકને પોતાને મળેલા ઈ-મેમો સંલગ્ન કોઈપણ ફરિયાદ કે પ્રશ્નો હોય તો તેની ફરિયાદ વાહનચાલક સરળતાથી એક જ સ્થળે કરી શકે તે માટે નોડલ ઓફિસરની નિમણુક પણ કરવામાં આવી છે. શહેરના સેક્ટર-૨૭ ખાતે આવેલી એસપી કચેરીમાં કંટ્રોલરૂમમાં બેસતા પી.આઈ.ને નોડલ ઓફિસર તરીકે નિમવામાં આવ્યા છે. ઈ-મેમોને લગતી ફરીયાદ માટે વાહન ચાલકો નોડલ ઓફિસરને મળીને જરૂરી રજૂઆતો કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.



### પ્રતાપપુરા (બાલવા)માં સ્વચ્છતા રેલી યોજાઈ

વિશ્વ શૌચાલય દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના પ્રતાપુરા (બાલવા) ખાતે શાળાના બાળકો તથા ગ્રામજનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીના સમાપને આયોજિત કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી મૌલકિભાઈ ડાંગા, જિલ્લા પંચાયત સદસ્ય જયેશભાઈ ચૌધરી, કાન્તિજી ઠાકોર, દશરથભાઈ ચૌધરી તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં તમામે સ્વચ્છતા જાળવવાના શપથ લીધા હતા.

### શહેરમાં રબારી સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગોપાલક રચનાત્મક સમિતિ (ગોરસ) ગાંધીનગર શહેર દ્વારા નગરના રબારી સમાજનો સ્નેહમિલન સમારોહ તા. ૨૧-૧૧-૧૮ને બુધવારના રોજ બપોરે ૨ કલાકે શહેરના ટાઉનહોલ ખાતે યોજાશે. આ સ્નેહમિલન સમારોહમાં રબારી સમાજના પીરાણા સમાજની ગુરૂ ગાદીના મહંત પૂ.પ્રભાતકાકા, વાળીનાથ અખાડા તરભના મંહત પૂ. જયરામગીરી, વડવાળા મંદિર ટીંટોડાના મહંત પૂ. લખીરામદાસજી મહારાજ, વડવાળા મંદિર ઝાંકના મહંત પૂજય ગણેશદાસજી મહારાજ વડવાળા મંદિર શેરથાના મહંત પૂ. ગોમતીદાસજી મહારાજ ઉપસ્થિત રહીને સમાજને આર્શિવચન પાઠવશે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં સાંસદ સાગરભાઈ રાયકા, ગોપાલક નિગમના પૂર્વ ચેરમેન અરજણભાઈ રબારી, ગોરસના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ રાયકા, ગાંધીનગરના કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘર, ગોપાલક કન્યા કેળવણી મંડળના મંત્રી લલ્લુભાઈ દેસાઈ તેમજ ગોરસના પ્રદેશના પદાધિકારીઓ હાજર રહેશે. રબારી સમાજના નવા વર્ષના આ સ્નેહમિલન સમારોહમાં શહેરના રબારી સમાજના ભાઈ બહેનોને મોટી સંખ્યામાં હાજર રહેવા ગોરસના પ્રમુખ રાજુભાઈ દેસાઈએ અનુરોધ કર્યો છે.

### જિલ્લા પુસ્તકાલય, સે-૨૧ ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૧૯

સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તા. ૧૬મી નવેમ્બર, ૨૦૧૮ ના રોજ પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનને સીનીયર સીટીઝન અને નિવૃત્ત મદદનીશ નિયામક ( માહિતી ખાતું) ડાહ્યાલાલ એસ. ગાંધીના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને વ્યસન છોડવા, સ્વચ્છતા જાળવવી, ગૌરવશાળી ભારત રાષ્ટ્રના નિર્માણ માટે કાર્ય પોતાના થકી કરવું, જેવા સંકલ્પ લેવા અંગેનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ પુસ્તક પ્રદર્શનનો ખૂબ બહોળા પ્રમાણમાં લાભ લેવા તમામ વાચકો, વિદ્યાર્થીઓ તેમજ ગાંધીનગરના નગરજનોને જિલ્લા ગ્રંથપાલ શ્રી ડાં. જયરામ દેસાઈએ અનુરોધ કર્યો છે.

# ગાંધીનગર જિલ્લાના કોબા ખાતે વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી

## શાળા અને આંગણવાડીમાં સ્વચ્છતા કીટનું વિતરણ અને સ્વચ્છતાગ્રહીઓનું સન્માન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના કોબા ગામે વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના હસ્તે શાળાના બાળકો અને આંગણવાડી માટે સ્વચ્છતા કીટનું વિતરણ તથા સ્વચ્છતાગ્રહી અને સ્વચ્છતા તાલીમ અને નિગરાની ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારનું સન્માન કરવામાં આવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયાની ઉપસ્થિતમાં યોજાયેલ આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ શાળાના બાળકો સાથે સ્વચ્છતા અંગે વાર્તાલાપ કરી જણાવ્યું હતું કે, ગંદકી, નિરક્ષતા કુરિવાજો અને વ્યસનોથી મુક્તિ મેળવીને સમાજમાંથી બદીઓ દૂર થશે તો જીવનની ગુણવત્તા સુધરશે. કોબા ગામે જાગૃતિ દ્વારા વિકાસ અને સ્વચ્છતા જાળવી આગવી ઓળખ પ્રાપ્ત કરી છે. તે કાયમી જાળવી રાખવા જણાવ્યું હતું. સ્વચ્છતા અને આરોગ્ય પરસ્પર સંકાળાયેલી બાબત છે ત્યારે સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમને સાર્થક કરવા લોકો અને બાળકો સ્વચ્છતાના સેનાની બની તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષભાઈ કોયાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લો ઓ.ડી.એફ. જાહેર થયો છે. જિલ્લામાં કુલ ૮૮,૩૬૭ શૌચાલય પૂર્ણ થયા છે. બેઝ લાઈન સર્વેમાં રહી ગયેલા ૧૧૬૮૬ લાભાર્થીઓને ભારત સરકાર દ્વારા ૯૩૮૧ અને વર્લ્ડ બેંકના ફંડ માંથી ૨૩૦૫ શૌચાલય બનાવવા માટેનું ફંડ ફાળવવામાં આવશે. ઓ.એન.જી.સીના ડિવીઝનલ જનરલ મેનેજર શ્રી ડી.બેનરજીએ જણાવ્યું હતું કે ઓ.એન.જી.સી દ્વારા રાજ્યમાં ૬૮ હજાર ગામોમાં શેનીટેશન નેપકીન અને ૧૧૦ ગામોમાં ગેસ કનેકશનની સુવિધા આપવામાં આવી છે.

કોબા પ્રાથમિક શાળા ખાતે મહાનુભાવોના હસ્તે બાળકો દ્વારા તૈયાર કરેલા સ્વચ્છતાના સુત્રો સાથેની સ્વચ્છતા રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. કોબા ખાતે રૂ. ૨.૭૪ લાખના ખર્ચે તૈયાર થયેલ શેગ્રીગેશન શેડનું લોકાર્પણ કર્યું હતું. કલેકટરશ્રીએ સર્વેને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા.





વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી ગાંધીનગર જિલ્લાના તમામ ગામોમાં બાળકો દ્વારા સ્વચ્છતા રેલી સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લામાં તાલુકા કક્ષાની વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી ગાંધીનગર(કોબા) કલોલ ( પ્રતાપપુરા-બાલવા), માણસા ( લોદરા ) અને દહેગામ તાલુકાના નાંદોલ ખાતે કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જી.પી.બ્રહ્મભટ્ટ, પ્રાંત અધિકારી શ્રી હર્ષ યાદવ, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી શોભનાબેન વાઘેલા સહિત વિશાળા સંખ્યામાં ગ્રામજનો અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

### આઈઆઈટી ગાંધીનગર ખાતે બે દિવસીય ફિઝિકસ સિમ્પોઝિયમનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના પાલજ ખાતેની આઈઆઈટી ખાતે બે દિવસીય 'ફ્રન્ટિયર પ્રોબ્લેમ્સ ઈન ફિઝિકસ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ વિધ્વાનો તેમના વિચારો રજૂ કરશે. આ સિમ્પોઝિયમ તા. ૨૦થી તા. ૨૧ નવેમ્બર દરમિયાન યોજાશે.

ફ્રન્ટિયર પ્રોબ્લેમ્સ ઈન ફિઝિકસ કાર્યક્રમમાં ફિઝિકસની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક રજૂઆત કરાશે. આ કાર્યક્રમમાં બેંગ્લુરુની આઈસીટીએસના પ્રાધ્યાપક પ્રો. રાજેશ ગોપાલકુમાર 'સ્ટ્રીંગ થીયરી' તથા 'કવોન્ટમ ગ્રેવીટી' અંગે અલ્હાબાદની એચઆરઆઈના પ્રો. બિશ્વરૂપ મુખોપાધ્યાય 'હાઈએનર્જી પ્રેક્ટિકલ ફિઝિકસ' વિષયે કોલકાતાની આઈએસીએસના પ્રો. અમલન પાલ નેનો સાયન્સ, ઓર્ગેનિક ઈલેકટ્રોનિકસ તથા સ્પીન્ટ્રોનિકસ વિષયે જયારે પૂણેની આઈયુસીએએના પ્રો. તરૂણ સૌરદીપ કોસ્મોલોજી એન્ડ ગ્રેવિટીશ્નલ વેવ્ઝ વિષયે તેમના વકતવ્ય રજૂ કરશે. સેમ્પોઝિયમના કારણે આઈઆઈટી-જીમાં સંશોધનાત્મક વાતાવરણને ઉત્તેજન મળશે તેમજ વિધ્વાનોના વકતવ્યો ફિઝિકસના વિદ્યાર્થીઓ માટે આજના સંશોધનો અંગે પ્રકાશ પાડી અભ્યાસમાં વધુ ઉપકારક સાબિત થશે.

# શહેરમાં પહેલીવાર ખાનગી કલાસીસમાં સેનેટરી પેડ વેન્ડીંગ મશીન મુકાશે

## કિશોર કલાસીસ દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત આગવી પહેલ કરવાનો નિર્ણય : સેનેટરી પેડ વેન્ડીંગ મશીન સાથે ડીસ્પોઝલ મશીન પણ મુકાશે : માત્ર રૂ. ૫ના ટોકનથી કિશોરીઓ સેનેટરી પેડ મેળવી શકશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં ખાનગી શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર એવા કિશોર કલાસીસ દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. સમગ્ર રાષ્ટ્રમાં હાલ ચાલી રહેલ સ્વચ્છતા અભિયાન અંતર્ગત કિશોર કલાસીસ દ્વારા તેમના નવનિર્મિત કેન્દ્ર ખાતે અભ્યાસ કરતી કિશોરવયની દિકરીઓને ધ્યાનમાં રાખીને સેનેટરી પેડ વેન્ડીંગ મશીન તેમજ તેના ડીસ્પોઝલ મશીન મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે 'પેડમેન' ફિલ્મ બાદ સેનેટરી પેડના ઉપયોગ અંગે જનજાગૃતિ વધતી જાય છે.

શહેરના ગ-૧ સર્કલ પાસે નવા બિલ્ડીંગમાં કિશોર કલાસીસનું નવું કેન્દ્ર કાર્યરત થવા પામ્યું છે. શહેરમાં શિક્ષણમાં અગ્રતા સાથે સ્વચ્છતામાં પણ અગ્રેસર રહેવાના શુભ આશયથી આ કેન્દ્ર ખાતે અલગ શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી છે. હવે તેમાં કિશોરીઓ માટે સેનેટરી પેડ વેન્ડીંગ મશીન તથા તેના ડિસ્પોઝેબલ મશીન મુકી આ દિકરીઓને અભ્યાસક્રમ દરમિયાન કોઈ અડચણ કે ક્ષોભજનક પરિસ્થિતિનું નિર્માણ ના થાય અને અભ્યાસમાં વધુ સ્વસ્થતાથી ધ્યાન આપી શકે તેની ચિંતા કેન્દ્રનાં સચાલકો દ્વારા કરવામાં આવી છે. એક માનવીય અભિગમ રૂપે આવકારદાયક પહેલ ગણાય તેવી આ સીસ્ટમમાં 'નફો નહીં નહીં નુકશાન'ના ધોરણે માત્ર રૂ. ૫માં સેનેટરી પેડ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. મશીનમાં રૂ.૫નો સિક્કો નાંખવાથી કિશોરીને સેનેટરી પેડ મળશે તેમજ વપરાયેલ પેડ તે ડીસ્પોઝલ માટે ઈન્સીરેશન મશીનમાં નાંખી શકશે. સેનેટરી પેડની કિંમત પણ તેનો દૂરૂપયોગ ના થાય તે માટે નિઃશુલ્ક રાખવાને બદલે ટોકન સ્વરૂપે રાખવામાં આવી છે. વળી જો આ કામગીરીને સફળતા મળશે તો શહેરમાં ચાલતા અન્ય કલાસીસને તથા શાળાઓને પણ તેનું ડેમોન્સ્ટ્રેશન જોવા આમંત્રિત કરવામાં આવશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કિશોર કલાસીસ શહેરમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવા જાણીતા છે અને જે અંતર્ગત નવા કેન્દ્ર ખાતે સાફસફાઈ માટે કચરા પોતા કરવા પણ રોબોટ વસાવવામાં આવ્યા છે.

### પીડીપીયુના વિદ્યાર્થીઓ વારલી ચિત્રકળા શીખ્યા



ગાંધીનગરની પંડિત દિન દયાળ ઉપાધ્યાય યુનિવર્સિટી સંલગ્ન સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ દ્વારા 'ઓડિટ કોર્સ' અંતર્ગત 'એક્ષ્પોઝર ટુ એનસીસી'ના વિદ્યાર્થીઓ માટે વારલી ચિત્રકળાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૭ અને ૧૮ નવેમ્બર દરમિયાન યોજાયેલ વર્કશોપમાં ૪૬૦ વિદ્યાર્થીઓ વારલી ચિત્રકળા શીખ્યા હતા.

વારલી ચિત્રકળા એ ગુજરાતના ડાંગ, વાસંદા, ધરમપુર વગેરે વિસ્તારના આદિવાસીઓમાં વારલી જાતિ (કુકણા)ની પરંપરાગત ચિત્રકળા છે જેના ચિત્રો ગેસ વડે રંગાયેલ લીંપણ વાળી ભીંત પર ચોખાના લોટ અને ગુંદર વડે તૈયાર કરાયેલ સફેદ રંગથી દોરવામાં આવે છે. લગ્ન કે નવું ઘર બનાવવા જેવા પ્રસંગોએ આ કળાનો ઉપયોગ કરવામાં આવે છે જેમાં ગોળ, ચોરસ, ત્રિકોણ જેવા મૂળભૂત આકારોનો ઉપયોગ કરી સમાજજીવનના પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવે છે. ખાસ કરીને ખેતી, પૂજા તથા ઉત્સવોના પ્રસંગોને આવરી લેવામાં આવે છે. પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના વિદ્યાર્થીઓને આ કળાના ઈતિહાસથી માંડીને અન્ય સંકળાયેલી બાબતો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા જેના થકી તેઓ ભારતીય સંસ્કૃતિની એક સમૃધ્ધ ઐતિહાસિક કળાથી પરિચિત થવા પામ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. બિહોલા કુબેરજી મગનજી, ઉ.વ. ૮૦
- સ્વ. મધુબેન ભલાભાઈ દંતાણી, ઉ.વ. ૫૨
- સ્વ. દરજી ઈશ્વરભાઈ રવજીભાઈ, ઉ.વ. ૬૦